

# આહ્વાન


A Monthly Bulletin of Shahpur Methodist Church



Address : Bahai Center, Shahpur, Ahmedabad 380 001.

Email : revrajuparmar@gmail.com

Visit us at : www.shahpurmethodistchurch.com

Pastor : Rev. Raju N. Parmar

(M) 8238260259



વર્ષ - ૫૪ ઓગસ્ટ - ૨૦૨૫ પત્ર - ૧૪૪


## પ્રભુ ઈસુ ઉત્તમ મિત્ર




ખ્રિસ્તમાં વ્હાલા ભાઈઓ અને બહેનો,

પ્રભુ ઈસુ ખ્રિસ્તના નામમાં પ્રેમી સલામ.

ઓગસ્ટ માસનો પ્રથમ રવિવાર ફ્રેન્ડશીપ ડે તરીકે ઉજવવામાં આવે છે. મિત્રતા વિશે કહેવું હોય તો શબ્દો પણ ઓછા પડે. આ તો એક અવિસ્મરણીય અને અવર્ણનીય સંબંધ છે. મિત્રતા એક વિશ્વાસપાત્ર અને નિષ્ઠાવાન સંબંધ છે. માનવીય જીવનમાં બીજા સંબંધો જન્મતાની સાથે બની જતા હોય છે, પણ મિત્રતા એક એવો સંબંધ છે જેને મનુષ્ય પોતે બનાવે છે. મિત્રતા એક એવો સંબંધ છે જે સગો ન હોવા છતાં પણ સગાના જેવો સંબંધ હોય છે. મિત્રતા એટલે કંઈ પણ બોલ્યા વિના આપણી આંખો જોઈને આપણું દુઃખ સમજી જાય તે મિત્ર, જ્યારે તમે તમારાથી ખોવાઈ જાઓ ત્યારે તમને શોધવામાં તમારી જે મદદ કરે તે તમારો મિત્ર.

પવિત્રશાસ્ત્ર બાઈબલમાં મિત્રતા વિશે જોવા મળે છે. યાકુબ ૨:૨૩ ઈબ્રાહિમને દેવનો મિત્ર કહેવામાં આવ્યો. યશાયા ૪૧:૮ પણ હે મારા સેવક, ઈસ્રાએળ મારા મિત્ર ઈબ્રાહિમના સંતાન, મારા પસંદ કરેલા યાકુબ, ઈબ્રાહિમે ઈશ્વરના તેડાનો સ્વીકાર કર્યો. ઉત્પત્તિ ૧૨:૧ અને યહોવાએ ઈબ્રામને કહ્યું કે, તું તારો દેશ તથા તારાં સગા તથા તારા બાપનું ઘર મૂકીને, જે દેશ હું તને દેખાડું તેમાં જા. ઈશ્વરની આજ્ઞાને આધીન બન્યો અને ઈશ્વરની આજ્ઞા પ્રમાણે ચાલી નીકળ્યો. ઈશ્વર પર વિશ્વાસ રાખ્યો, ઈશ્વરના વચન પર વિશ્વાસ કર્યો, પોતાનું સમર્પણ કર્યું. પરિણામે તે આશીર્વાદિત થયો અને તેને ઈશ્વરનો મિત્ર કહેવામાં આવ્યો. ઈબ્રાહિમનું જીવન સંઘર્ષભર્યું હતું. પણ ઈશ્વર એક મિત્રની જેમ તેની સાથે રહ્યા તેને આશીર્વાદ આપ્યો. તેને સહાય કરી, તેને દોરવણી આપી.

પ્રભુ ઈસુ ખ્રિસ્ત આપણા ઉત્તમ મિત્ર છે. યોહાન ૧૫:૧૩-૧૪ પોતાના મિત્રોને સારું જીવ આપવો, તે કરતાં મોટો પ્રેમ કોઈનો નથી. જે આજ્ઞાઓ હું તમને આપું છું તે જો તમે પાળો તો તમે મારા મિત્ર છો, પ્રભુ ઈસુએ પોતાના મિત્રોને માટે નહિ પણ પોતાના શત્રુઓને માટે પણ પોતાનો પ્રાણ આપ્યો, રોમન ૫:૮ પણ આપણે જ્યારે પાપી હતા ત્યારે ખ્રિસ્ત આપણે સારું મરણ પામ્યા એમ કરવામાં આપણા પર પોતાનો પ્રેમ પ્રગટ કરે છે. પ્રભુ ઈસુ પોતાના શિષ્યોને મિત્ર કહે છે, અને તે આપણને પણ મિત્ર કહીને બોલાવે છે. પરંતુ પ્રભુ ઈસુના મિત્ર બનવા માટે આપણે તેમની આજ્ઞાઓ પાળવાની છે. તેમનું અનુસરણ કરવાનું છે. તેમની પાછળ ચાલવાનું છે. પોતાનો વધસ્તંભ ઊંચકીને તેમની પાછળ ચાલવાનું છે. આ જગતના મિત્રો સંજોગો અને પરિસ્થિતિ અનુસાર બદલાતા રહે છે. હિબ્રુ ૧૩:૮, ઈસુ ખ્રિસ્ત ગઈ કાલે આજે તથા સદાકાળ એવો ને એવો જ છે. તે કદી બદલાતા નથી. પ્રભુ ઈસુ ખ્રિસ્ત આપણા ઉત્તમ મિત્ર છે.

ભજન સંગ્રહ ૧૭૭ તેની અંતિમ કળીમાં ઈસુ મિત્ર છે સારામાં સારો, મને લાગે તે પ્યારામાં પ્યારો. હશે જગતમાં મિત્ર હજારો, પણ ઈસુ તો ન્યારામાં ન્યારો. પ્રભુ ઈસુ ખ્રિસ્ત આપણા ઉત્તમ મિત્ર છે. કેમ કે તેમણે આપણે સારું પોતાનો જીવ આપ્યો કે જેથી આપણને જીવન મળે અને પુષ્કળતાનું મળે. આ મિત્રતાના દિવસે આવો આપણે પ્રભુ ઈસુ ખ્રિસ્તને આપણા ઉત્તમ મિત્ર બનાવીએ. આમેન.

## ગત માસનાં કાર્ય તરફ દ્રષ્ટિપાત : જુલાઈ

- તા. ૧૮-૨૦ જુલાઈ ૨૦૨૫, માનવંત બિશપ ઈ. પી. સેમ્યુલ સાહેબની રાહબરીમાં ગુજરાત રીજીનલ કોન્ફરન્સનું ૩૭મું અધિવેશન મહેસાણા મુકામે મળ્યું. જે આશીર્વાદિત રહ્યું. આ અધિવેશનમાં આપણી મંડળીના શ્રી શરદભાઈ માસ્ટરે ડેલિગેટ તરીકે ભાગ લીધો હતો.
- તા. ૨૦ જુલાઈ ૨૦૨૫, રેવ. રાજુ એન. પરમારને મેથોડિસ્ટ ચર્ચ, શાહપુરના પાળક તરીકે બિશપ સાહેબે નિમણુંક આપી.
- તા. ૨૭, જુલાઈ ૨૦૨૫, ગુજરાત રીજીનલ કોન્ફરન્સની વ્યવસ્થા પ્રમાણે નવા નિમણુંક પામેલ પાળક રેવ. રાજુ એન. પરમારનો કુટુંબ સાથે મંડળીમાં આવકાર કરવામાં આવ્યો. આપણી મંડળીના શ્રી આલાપભાઈ માસ્ટર ગુજરાત રીજીનલ કોન્ફરન્સના ૩૭માં અધિવેશનમાં કોન્ફરન્સ લે-લીડર તરીકે ચૂંટાયા માટે મંડળી તરફથી તેમનું સન્માન કરવામાં આવ્યું. તેમને અભિનંદન સહ શુભેચ્છાઓ પાઠવવામાં આવી.




## વિદ્યાર્થી સન્માન સમારંભ

તા. ૧૫ ઓગસ્ટ, ૨૦૨૫ના રોજ મેથોડિસ્ટ ચર્ચ, રાયખડમાં સાંજે ૪-૦૦ કલાકે અમદાવાદ ડિસ્ટ્રીક્ટ વેસ્ટ દ્વારા વિદ્યાર્થી સન્માન સમારંભનું આયોજન કરવામાં આવ્યું છે. જેમાં મંડળીના વિદ્યાર્થીઓ જેઓના ૬૦% કે તેથી વધુ ટકા આવ્યા છે તેમનું સન્માન કરવામાં આવશે.

## પ્રાર્થના વિનંતીઓ



- રેવ. રાજુ એન. પરમાર અને કુટુંબ માટે
- મંડળીના ભાઈઓ અને બહેનો આત્મિક જીવનમાં વૃદ્ધિ પામે માટે
- પાસ્ટોરેટ કમિટી માટે, વહીવટી કાર્ય માટે
- મંડળીના કુટુંબો માટે
- બીમારો માટે, સાજાપણું મળે માટે
- ગુજરાત રીજીનલ કોન્ફરન્સ માટે
- વણખેડાયેલા વિસ્તારમાં સુવાર્તા પ્રચારનું કાર્ય થાય માટે

આવો આપણે સાથે મળી આ વિનંતીઓ માટે પ્રાર્થના કરીએ



## BIRTHDATE IN AUGUST

| | | | |
|---|---|---|---|
| ૧/૮ | શૉન આર. ક્રિશ્ચિયન (U.S.A.) | ૨૦/૮ | આશકા એન. રાઠોડ |
| ૧/૮ | એન્ડરસન એ. ક્રિશ્ચિયન | ૨૨/૮ | એનેશા ડી. હેરી |
| ૧/૮ | એલિશા એ. પરીખ | ૨૩/૮ | સ્ટેલા એમ. પરમાર |
| ૪/૮ | એશેલ એ. ક્રિશ્ચિયન (U.S.A.) | ૨૪/૮ | આર્નોન એસ. પેલમોર |
| ૭/૮ | થોમસ વી. મેકવાન | ૨૪/૮ | શનાયા એન. મહીડા (U.S.A.) |
| ૮/૮ | લલીતાબહેન એસ. ખ્રિસ્તી | ૨૫/૮ | પ્રાર્થના એ. કાપડીયા |
| ૧૩/૮ | જેનેટ પી. ક્રિશ્ચિયન | ૨૭/૮ | જીલ એમ. રાઠોડ |
| ૧૯/૮ | સુરેખા એ. ક્રિશ્ચિયન | ૨૯/૮ | ડોરીન એન. ક્રિશ્ચિયન |

## નાણાંકીય અહેવાલ જૂન - ૨૦૨૫

| | | |
|---|---|---|
| તા. ૧-૬-૨૫ ની ઉઘડતી સિલક | | |
| | રોકડ | ૪૬૯૩-૦૦ |
| | બેંક | ૬૧૫૯૫૩-૫૯ |
| તા. ૩૦-૬-૨૫ સુધીની | આવક | ૧૦૨૩૦૭-૦૦ |
| | કુલ | ૭૨૨૯૫૩-૫૯ |
| તા. ૩૦-૬-૨૫ની બંધ સિલક | | |
| | રોકડ | ૩૨૮૨-૦૦ |
| | બેંક | ૬૪૩૩૨૪-૫૯ |
| તા. ૩૦-૬-૨૫ સુધીનો | ખર્ચ | ૭૬૩૪૭-૦૦ |
| | કુલ | ૭૨૨૯૫૩-૫૯ |

માનદ્ શ્રી નિલેષ એસ. ક્રિશ્ચિયન, ટ્રેઝરર